स्त्रि सुबोध.

STREE SUBODH

OR

Lessons on Female Instructions.

BY

BHAVANISHANKER NURSEYRAM Kavee.

બનાવી પ્રસિદ્ધ કરનાર

શેહેર લીમડીના રેહેવાશી,

કવિ ભવાનીશંકર નરસીંહરામ.

અમદાવાદમાં મામાની હવેલી મધ્યે યુ૦પ્રિં૦

અને જ૦ એ૦ કંપની (લિમિટેડ) ના

પ્રેસમાં રણછોડલાલ હીરાચંદે છાપી.

સને ૧૮૭૪—સંવત ૧૯૩૦

કીમત રૂ૦-૭-૦

स्त्रि सुबोध.

STREE SUBODH

OR

Lessons on Female Instructions

BY

BHAVANISHANKER NURSEYRAM Kavee.

બનાવી પ્રસિદ્ધ કરનાર
શેહેર લીમડીના રેહેવાશી.
કવિ ભવાનીશંકર નરસીંહરામ.

અમદાવાદમાં મામાની હવેલી મધ્યે યુ૦ પ્રિં૦
અને જ૦ એ૦ કંપની (લિમિટેડ) ના
પ્રેસમાં રણછોડલાલ હીરાચંદે છાપી.

સને ૧૮૭૪—સંવત ૧૯૩૦

કિંમત રૂ૦-૭-૦

રાવસાહેબ.

ગોપાળજી સુરભાઈ

ડે. એ. ઈ. પ્રાંત કાઠીઆવાડ.

! એમની ઉદારતા, અને લાયકીપણું જોઈ આ પુસ્તક પ્રેમભક્તિ પુરવક તેમનેજ અર્પણ કર્યું છે.

લીમડી.
તા.૫ માર્ચ
સને ૧૮૭૪

હું
કવિ ભવાનીશંકર નરસી હરામ
ગ્રંથ કર્તા.

જાહેર ખબર.

આપવા આવે છે કે નિચે લખેલા પુસ્તકો લીમડીમાં મારે ઘેરથી તથા અમદાવાદમાં યુનાઇટેડ પ્રેસમાંથી મંગાવવાથી મળશે.

૦-૫-૦ વિધવા વિલાપ.　　　　૦-૧-૦ રસિક કાવ્ય.

૦-૩-૬ સ્ત્રિ સુબોધ.

તા. ૨૨ માર્ચ સને ૧૮૭૪.　　　　કવિ.
મુ. લીમડી ઠે. મુહુરતપોળ.　　　　ભવાનીશંકર નરસીંહરામ.

વસંત તિલકા વૃત.

ગોપાળજી જગતમાં સુભમાન પામો,
લાએણી કીરતી વિશેષ સદાય જામો ;
દેશીજનોનુ હિત ચાહો સદા સુધારો,
જીવો અપાર વર્ષ આશિરવાદ મારો. ૧

પ્રસ્તાવના.

પુરવે આપણા દેશમાં સ્ત્રીઓને કેળવણી આપવાનો
રીવાજ હતો, એવું ઘણા કારણોથી સીદ્ધછે; પરંતુ જ્યા
રથી મુશલમાનો રાજ્યનો પાયો ચાલુ થયો ત્યારથી તે
અંગ્રેજ રાજ્યની શરૂઆત સુધી સ્ત્રીઓને કેળવણી આ
પવાનો રીવાજ બંધ હતો.

આજ ઇંગ્રેજ રાજ્ય આવ્યાથી ફેર બંધ પડેલ ચાલ
ધોકાર ચાલવા માંડયોછે. અને કેટલાએક વરશો થયાં
ફરી કેળવણી પામેલ સ્ત્રીઓ બહાર પડતી જાયછે;
પડશે.

સ્ત્રીઓને બોધ લેવાના ઉપયોગ સારૂ મેં આ સુબોધ
માનું આ પુસ્તક રચી કેળવણીખાતાના, ડે. એ. ઈ. રા.
બ્રાલજીભાઈ સુરબાઇને ભેટ દાખલ આપવાની ઇચ્છા
જણાવી.

મારી અરજી સાંભળતાંજ બાઈસાહેબ મોટા આનંદથી

મારી અરજ બહાલ રાખી, રાજ્યપત્ર બક્ષવાને પણ ચૂ
ક્યા નહી.

આ પ્રમાણે બીજા સદગ્રહસ્થો પણ દરેક કવિઓના ઉગતા ગ્રંથોને પુરતી મદદ આપતા હોય તો કેવું સારૂં ? મારા કેટલાએક રસીક ગ્રંથોને સદગ્રહસ્થો તરફથી મદદ મળશે કે લાગલોજ સજ્જનોની સેવામાં મુકવાને ચુકીશ નહી.

મુ૰ લીમડી.
ઇલાકે ગુજરાત પ્રાંત.
ચૈત્ર સુદ ૫ વા. રવી.

કવિ ભવાનીશંકર નરસીહરામ.
ગ્રંથ કર્તા.

સ્ત્રિ સૂબોધ.

* મંગળાચરણ.

(ગણુપતીની સ્તુતી.)

ગરબી. ૧ લી.

ગણુપતી મંગળાનંદ તું દેવ, સહું નર કરે તમારી સેવ. ટેક.
પરથમ હું તો આપ કીપાથી, ધરીને એક મંન;
કરજોડીને વિનવું જે, કદી ન થાય વિઘંન. ગણુપતી. ૧
સર્વ દેવથી શ્રેષ્ટ તુંછે, પરથમ તું પુજાય;
લગ્ન સંબંધી કારજ ટાણે, સંભારે સુખ થાય. ગણુપતી. ૨
બ્રાહ્મણ અને ગણુપતી બેને, હેત અશલનું જાડું;

* દરેક કવિઓ પોતાના ગ્રંથારંભે. મંગળાચરણ કરતા આવેલાછે; તે મુજબ વરતવાને હું પણ ચુક્યો નથી.

ધારેલા કારજ કરેછ સુભ, મળે કદી ને બાકું. ગણપતી. ૩

વિઘ્નનો હરનાર તુંછે, આબાદી કરનાર ;

જે ટાણે સંભારે તુંજને, ધાયે વારોવાર. ગણપતી. ૪

સજનીને શિખામણ.

ગરબી. ૨

અમદાવાદ નામે આજ, શેહેરછે મારૂંરે. એ રાગ

બેનો ઉઠી ઉમંગે રોજ, પ્રભાતે વેહેલારે ;

માત તાતનો રાખી બોજ, નમવું પેહેલારે.

મળી સાહેલીઓની સાથ, દાતણ કરવુંરે ;

કદી સખીઓની સંગાથ, વઢવું ન વરવુંરે.

પછી જાઇએ *પનઘટ આપ, પાણી ભરવારે ;

વાત કરવામાં રાખવું માપ, સાધન કરવારે.

રજા માગી કરી મા બાપ, શરીરે નહાવુંરે ;

---

* પાણીનો આરો.

ટળે પુરવ †જનમના પાપ. ‡દરશને જાવુંરે. ૪
સાથે +પુષ્પ અબીલ ગુલાલ, નૈવેદને ધૂપરે;
ભરી પુરણ સુંદર થાળ, પુજો જગપ્રભુપરે. ૫
માગો મનમાં ધરીને ¹જોશ, પ્રભુની પાસેરે;
ઉરમાંથી તજીને રોષ. કૃપાળુ થાશેરે. ૬
પુજા કરી રહી મા બાપ, પાસે નમવુંરે;
હોંસ કરી કુટંબમાં આપ, સાથે જમવુંરે; ૭
જમી જોગ મળે જો જરૂર, ફરી જરા ખચવારે;
નિતી ગ્રંથ ભણો ભરપુર, માબાપોને *રંજવારે. ૮
પછી આવો નિશાળે †અવશ્ય, આપ સુધારવારે;
ઘેર દેવું જો હોય કવરય, કારજ કરવારે. ૯
નવી ભણતરમાં કરી શોધ, કારજ કરજોરે;
એની ભવાની કેરી બાધ, મનમાં ધરજોરે. ૧૦

---

†જન્મ. ‡દર્શને. +ફુલ. ¹હીમત. *રાજી કરવા. †જરૂરી, આડમણ.

સખીને શિખામણ.

ગરબી. ૩

કુરીએ કૃષ્ણ ઉપાસના: (એ રાગ)

જાણીએ જાવેથી જાગની, ધરીને દીલમાંહી હામ;
સખીઓ સાથે ઉમંગથી, આવો શાળાના કામ. જાણી. ૧
નિત્ય નિત્ય આવો નિશાળમાં, લેવા રૂડેરી [२]સુજ;
શબ્દો હોયે અજ્ઞાનીના, [४]ઉવેખી તેઓને ભુંજ જાણીએ. ૨
ખડીઓ લેખણ પાટી આદી, લાવો લખવાનો સાજ;
મોતી સરખા દીપાવડા, અક્ષર માંડવા કાજ, જાણીએ. ૩
વાંચો પાઠ વિવેકથી, આપેલ ગુરૂજીએ જેહ;
કરજો જારી કા[५]શલ્યથી, [६]લેશન રાખીને નેહ. જાણીએ ૪
સંશય લેસનમાં જો પડે, દુર કરવો +સમક્ષ;
[७]પુનરપી વાંચો તે સમ, પરોવી તે માંહે [८]લક્ષ. જાણીએ ૫

---

[३]સમજણ. [४]નગણીને. [५]મહેનતથી, [६]પાઠ. +એકઠાં મળીને. [७]ફરીથી. [८]મન. ચીત.

સદ્દગુણ વિદ્યાને સાચવો, મનમાં રાખીને હામ:
જડમુળથી જડમાંથી જશે. ટળશે વહેમ તમામ. ભણીએ ૯

ભણવા વિષે.

ગરબી ૪.

કાંણે કાંણે કાંકણીઆળી ચુડી રે. (એ રાગ)

સજની આજે ભણવાની થઇ હવે છુટી રે, ૧
જોને મરતા મુરખ માથું કુટી રે.
શાળા માંહી હોશ ધરીને આવો રે;
સાથે સજની સાહેલીઓને લાવો રે. ૨
મુરખ જનની વાત રૂદે નવ ધરજો રે;
બાળકીઓને ભણવાતણો બોધ કરજો રે. ૩
માત પીતાના ભણતરથી મનહરજો રે;
મેહેતાજીની શિક્ષા રૂદયમાં ધરજો રે. ૪
ભણ્યા વિના નિતીની રીત ન આવે રે;

માટે બેની ભણુતર ભણજો ભાવે રે. ૫

મીરાંબાઇ ૧મેવાડ રાયની રાણી રે;

પૂરીબાઇ જગતમાં વખણાણી રે. ૬

લીલાવતી ગણીતમાં જશ પામી રે;

૨માનબાઇ કેરી કીરતી જામી રે; ૭

માટે બેની આવજો રોજ નિશાળે રે।

દયા કીધી આજ ભવાનીને વાધે રે; ૮

સજનીને હિત શિક્ષા.

ગરબી ૫

સુણજો મારી બેનો પ્યારી, એક વારતા સારીજી;

હોંશ ધરીને આવો શાળામાં, લેવા શિખામણ મારી;

સખીઓ સંગેજી. ૧

પાટી ખડીઓ લખણુ કાગળ, સાથે લેજો નિત્યેજી;

૧ઉદેપુરની. ૨ મેહેતા નરસીની સાખી.

આળસ છાંડી અક્ષર માંડો, ગુરૂ કહે જેવી રીત.
સખીઓ સંગેજી. ૨

સારા સારા બોધ શિખીને, થાઓ બેનો તમે શાણાંજી;
પુસ્તક વાંચવા પ્રીત રાખી, ગાઓ ભલેરાં ગાણાં.
સખીઓ સંગેજી. ૩

ગીત ગાઓ હીત કરીને, બીજાના મન હરજોજી;
વળી વિશેષ ગણીત શીખી, કામ ભલેરાં કરજો.
સખીઓ સંગેજી. ૪

કુસંપ કાઢી વહેમ વાટી, ભણો બાઈ ભલી રીતેજી;
સંપ રાખી સહુ સંગાતે, ખુશ રાખો મન નિત્યે.
સખીઓ સંગેજી. ૫

કલેશ છાંડો અંગથકીને, નિત્ય હરી ગુણ ગાઓજી;
માત પિતાની સેવા કરીને, લેજો ભલેરો લાવો.
સખીઓ સંગેજી. ૬

જાત જાતની વિદ્યા શિખી, ધંધે ધરજો લક્ષજી;

સુજશ જગમાં ગુણીજન ગાશે, સખી કવિજન ભણશે.
સખીઓ સંગે જી. ૭

કેફ તજવા વિષે

ગરબી. ૬

કેફી લોકો કેફ નહી કરશો, બઉ ખાત મોત વિના મરશો. કેફી
(ટેક).

અફીણ એવી અકલ વિના ખાશે,
ઘસે ટાંટીઆ પ્રાણ અકળાશે,
વેણું મોઢું મળવાથી જીવ જાશે. કેફી. ૧

મધુપાન મુરખ જન કરશે,
ગુણી જન હૈયે સમો ગણશે.
જગતમાંથી જશ તેને ટળશે. કેફી. ૨

માજમ ખાશે મુરખમાં ખપવા,
તમાકુ પીવાના હેવા તજવા,

ગાંજો પીયે ગાંડામાં ગણવા. કેફી. ૩

ભાંગ, આવે બંગીના જેવા.
તજો આવા કુરગુણના હેવા,
કેફી તણાં હાલ થાયે કેવા. કેફી. ૪

લીલાગર લાલ પીયે ઘુંટી.
અરે તેની અકલ જશે ખુટી,
લખ્ખાદાર લાજ જશે લુટી. કેફી. ૫

કદી સંગ કેફીનો નહીં કરીએ,
ભુંડે હાલે મોત વિના મરીએ,
બાવાનો બોધ ભલો ધરીએ. કેફી. ૬

વિદ્યા મહિમા.

ગરબી. ૭

અનીરૂધજીની ઘોડલી. (એ રાગ.)

સુણો સકળ શિરોમણી નાર, વિદ્યા બણી રાચીએ;
કહું વિદ્યા તણો અધિકાર, વિવેકથી વાંચીએ. ટેક.

યુરોપના જન અસલ માંહી, હતા પશુની સમાન;
નગન રહી દીન કાઢતારે, કરી ફળ ફુલ કેરૂં પાન. વિદ્યા. ૧
અંગ્રેજી મટી [૧]ફીલ શુરૂ થયાંરે, [૨]સરસ્વતી થકી આજ;
વિશાળ આપણાં દેશમાંરે, કેવું અદલ ચલાવે છે રાજ. વિદ્યા. ૨
આગ ગાડીનું શોભતુંરે, કેવું ભલું એંજીન;
પવન વેગમાં ચાલતુંરે, વળી જુઓ કે દુરબીન. વિદ્યા. ૩
જુઓને [૩]તાર દીપાવડોરે, ખબર આપે હાલ;
પળમાં ભાળ જણાવતોરે, કેવો વિદ્યામાં દીસે છે માલ. વિદ્યા. ૪
આકાશમાં તારા ભલારે, સુરજને વળી [૪]સોમ;
આપણને તે દુરથીરે, જોતાં કેવું લાગે છે [૫]વ્યોમ. વિદ્યા. ૫
કુદરતી રચના ખરે ખરીરે, દુર બીનથી વરતાય;
નળીકા યંત્રથી વળીરે, સહુ તારા દીને દેખાય. વિદ્યા. ૬
ફીલસુફી આ અવસરેરે, ચડે ગગન [૬]વૈમાન;
અકળને વિદ્યા વડેરે, ચડે પાંખ વીના આસમાન. વિદ્યા. ૭
સરવે વિદ્યા શિખીનેરે, કર્યાં હુનરનાં કામ;

---

[૧]પંડીત. [૨]વિદ્યાદેવી. [૩]ટેલીગ્રાફ. [૪]ચંદ્ર. [૫]આકાશ. [૬]બલુન.

વિદ્યા દેવીને સેવતાંરે, વળી મળે વિશેષે દામ. વિદ્યા. ૮
વિદ્યા ભણ્યાથી જગતમાંરે, પંડીતમાં પરખાય;
ભવાની કેરા બોધથીરે, સહુ સેવોને સારદા માય. વિદ્યા ૯

ચોંપથી નિશાળે આવવા વિષે.

ગરબી. ૮

ચાલજો ચાલજો ચાલજોરે, સખી ચોંપે નિશાળે ચાલજો;
ખાલી વખત નહીં ગાળજોરે, સખી ચોંપે નિશાળે ચાલજો. ટેક.
સાહેલીઓને સાથે તેડીને શિખ્યાનો †સાજ સંભાળજોરે. સખી. ૧
ગુરૂ જી કેરી શિષ્ય માનીને, ભણતરમાં મન ઘાલજોરે. સખી. ૨
સાથે હોય જે સખી તમારી, તેને શિખામણ આલજોરે. સખી. ૩
પ્રેમ વિદારી લાજ વધારી, નિતી તણો પંથ ઝાલજોરે. સખી. ૪
કુરંગ કેરી વાત નજીવી, ઉરેથી જલદી ટાળજોરે. સખી. ૫
કંઠે ભણીને આંક ગણીને, પાઠ પછી નિહાળજોરે. સખી. ૬

---

† સામાન.

સત્ય ધરમને મારગે ચાલી, સતી તણું વ્રત પાળજોરે. સખી. ૭
પ્રાણપતીનું કેણુ ન માને, એવી તણું મુખ બાળજોરે. સખી. ૮
ભવાનીશંકર આમ ભણેછે, વિદ્યા તણે બાગ માલજોરે. સખી.

નિશાળે આવવાથી ફાયદા.

ગરબી. ૯

મારી માનુ બોચરારે લોલ. (એ રાગ.)

ભણો ભલી ભારજારે લોલ,
ટળે કુ વિચારજોરે લોલ,
શિખો શિખ સારજોરે લોલ, ભણો. ૧
ફળે અવતારજોરે લોલ,
વાધે વળી કારજોરે લોલ,
તજે અવિચારજોરે લોલ. ભણો. ૨
મળે આવકારજોરે લોલ,
જાયે અંધકારજોરે લોલ,

નાસેછે *મહારજાંરે લોલ. જાણો. ૩

આપે સુવિચારજાંરે લોલ,

થશે હુંશિઆરજાંરે લોલ,

મળેછે ¹મદારજાંરે લોલ. જાણો. ૪

બુદ્ધીનો પ્રસારજાંરે લોલ.

કુબુદ્ધી સંહારજાંરે લોલ,

ધરે ગુણ સારજાંરે લોલ. જાણો. ૫

દિપેછે ²આગારજાંરે લોલ,

જાણે જશ બહારજાંરે લોલ,

જવાનીનો સારજાંરે લોલ. જાણો. ૬

*હલકાઈ. ૧અધિકાર. ૨ઘર.

નિતી રાખવા વિષે.

ગરબી. ૧૦

મારૂં સોનાનું છે બેડુંરે, ગીરધરનાગર. (એ રાગ.)

સખી વદજોવચન વિચારીરે, નિતી શિખામણ સુણસારી:

ધરી ધ્યાન ભજો મોરારીરે, નિતી. ૧
જામે દેશમાં કિરતી તમારી રે, નિતી,
રૂડાં કાજ કરો સુખકારી રે, નિતી. ૨
વેહેમ જાળની વાતો આવે રે, નિતી,
એ તો અગ્નાની લોકને છાજે રે. નિતી. ૩
સારા બોધ શિખી થાઓ શાણા રે. નિતી,
નિત્ય ગાઓ ભલેરાં ગાણાં રે. નિતી.
કરો સખીઓ સંગે પ્રીતીરે, નિતી,
ભણો ભણતર સદ્ગુણ જીતીરે. નિતી. ૫
બેસી સખીઓની સંગેરે, નિતી,
ખાન પાન કરો ખુબ રંગેરે. નિતી. ૬
રૂડાં પાઠ કરો ઉમંગેરે, નિતી,
મેલી આળશ હોય જે અંગેરે. નિતી. ૭
સખી કુગુણ દીલથી તજીએરે, નિતી,
ભાવેથી ભગવત ભજીએરે. નિતી. ૮

વેહેમ તજવા વિષે.

ગરબી. ૧૧

બેનો મારી વ્હેમ મીથ્યા ગણજો,
ભાવેથી વિદ્યા ભલી ભણજો; બેનો. ટેક.

જાદુ વિદ્યા જગમાં નથી સાચી,
જુઓ જાદુકપટ તમે વાંચી. બેનો. ૧

માનો મંત્ર જંત્ર મીથ્યા મનથી,
નજરબંધી એલ તજો તનથી. બેનો. ૨

ભુતળમાં ભાખ્યા ભુતના ભામા,
દોરાધાગા ચીઠી મુઠકામા. બેનો. ૩

થાયે રોગથી જન આજારી,
વદે ત્યારે નડતરછે ભારી. બેનો. ૪

ડાકણ જાણો દુનીઆમાં જુઠી,
ધુતારા ભુવા ખાયછે ધુતી. બેનો. ૫

ધુતા પાસ ભામનીઓ ભમતી,

જાણે થાશે પુત્ર પુત્રી મમતી. બેનો. ૬
ભુત મેખ મીન ગણી જોશીઓ,
નજરે ઝાડો નાંખી ઠગે ડોશીઓ. બેનો. ૭
મુરખ માને દેવો તણી માનતા,
નથી લાંચ દેવો દેવા લેતા. બેનો. ૮
ધુતારાના ઢોંગ તજો તનથી,
અજ્ઞાનીનો બોધ. ધરો મનથી. બેનો. ૯

એક સખીને સાસરે જતા શિખામણની.

ગરબી. ૧૨

સખી સાસરીમાં દીન કાઢીએ,
બહુ વસીએ ન પીયરમાંય; સાસરીએ સોહાવીએ.
માનો શિક્ષા સાસુજીની સ્નેહથી;
કામ વિના જાવું નહી ક્યાંય. સાસરીએ. ૧
કોઇ સાથે ટુંકારે ન બોલીએ;

આજ્ઞા વિના ન બોલીએ વેણ. સાસરીએ. ૨
ચાલો નફટ કેરી નહી ચાલમાં;
જેથી લોકોમાં ચાલે ન કેણ. સાસરીએ. ૩
સખી સાથે હસી બોલી ચાલીએ;
નિતી ઉપર રાખીએ નેહ. સાસરીએ. ૪
નાથની સાથ સંપથી ચાલવું;
કદી દુઃખ ન દેવું દેહ. સાસરીએ. ૪
પતિવ્રતા ધરમ વ્રત આદરો;
સેવા કરવા પતિ કેરી સાર. સાસરીએ;
કદી રોષ ધરે નહીં અંતરે;
જેથી વધશે સાસરીયામાં કાર. સાસરીએ. ૫
સાસુ સસરા ભોજાઇને ચાહીએ;
સહુ કુટંબ રાખીએ સંપ. સાસરીએ;
સુખ સ્વર્ગ કેરૂં તેથી પામશો;
વળી જાયશે ઘરમાંથી જંપ. સાસરીએ. ૬

પર પુરૂષથુ નહી બોલીએ;
કદી હશીએ ન તેની સાથ. સાસરીએ;
જેથી લાજ ઘટે અતી લોકમાં;
નહી વરતાશે આપણો ¹કામ. સાસરીએ. ૭

સિતા દ્રુપતી સતી રાણી રૂકમણી;
વળી મીરાં બાઇ પરમાણુ. સાસરીએ;
સતિઓ કરે ભલુ પદ પામીઓ;
વળી બામીયો જશ જગ જાણ. સાસરીએ. ૮

નિતી રીતી શિખો મનમાનતી;
પાળો શિયળ ઉરે ધરી હામ. સાસરીએ;
સતીઓ મધે નામ ખપાવતા;
અતી રીઝે ભવાનીનો શામ. સાસરીએ. ૯

---

૧ આશ.

વહેમ તજવા વિષે.

ગરબી. ૧૩

અખી ડાકણ સાકણ ભુત, સરવે બામાછે.
મંતર જંતર એ જુઠ, ઠગના કામછે. ટેક.
ભુવા જોશિને ઠગારા, જાદુગર જગ માંયરે;
[1]તેલીયાને [2]જલીઆઓ, ઢોંગ થકી વરતાય. સરવે. ૧
અજાણ વેહેમી આમ વદશે, વળગ્યું મુજને ભુતરે;
જો કદાપી શોધ કરશે, તરત જોશે જુઠ. સરવે. ૨
ભુવા ધુણી આમ વદતા, આવી મુજને માતરે;
ભોગ આપો રોગ ટળશે, નડશે નહીં ઉતપાત. સરવે. ૩
[3]સૈયદ ગુરજી મારી બાઝે, હજુરછે મુજ પીરરે,
ઢોંગ સાથે સોગ કરતાં, ધરીને ઉરમાં ધીર. સરવે. ૪
સુધરેલી [4]બાનુઓ આ વહેમની છે વાતરે;
ભવાની શંકર આમ ભાખે, [5]ગાંડીછે ગુજરાત. સરવે. ૫

---

[1]તેલીઆ રાજા [2]ગારૂડીઓ [3]મુસલમાન લોકો તાબુતના ઘોડામાં ગુરજી મારેછે. [4]બાઇઓ. [5]વેહેમીલી.

વીદ્યાના ફાયદા.

ગરબી. ૧૪

લાલ કસુંબા નવ પીજીએરે, (એ રાગ)

બાળ પણામાં ભણજો ભાવથીરે,
નહીં કુબુધી અજ્ઞાન હો બેન.
બેન ભણોને વિદ્યા ભાવથીરે;
સુરખની વાતો નહી માનશોરે,
વધશે દુનીઆમાં બહુ માન હો બેન,
બેન ભણોને વિદ્યા ભાવથીરે. ૧

ભણ્યા વિના ભવ સુધરે નહીરે,
ન આવે ડાહપણમાં લેશ હો બેન;
બેન ભણો વિદ્યા ભાવથી રે;
ઘર ધંધામાં ગભરાવું પડેરે,
શોભે નહીં આભુષણ વેશ હો બેન;
બેન ભણોને વિદ્યા ભાવથીરે.

ભક્તિ સાચી વિદ્યાથી મળે રે,
આવે અકલને અતિ સાન હો બેન;
બેન ભણોને વિદ્યા ભાવથી રે
ભણ્યા વિના જશ વાધે નહીં રે,
રાંઝે * કેદીના ભગવાન હો બેન,
બેન ભણોને વિદ્યા ભાવથી રે.
અંતરમાં †ઓકું શણગારીને રે,
કેવું બેસાડે છે પાટ હો બેન,
બેન ભણોને વિદ્યા ભાવથી રે.
તેવું અંગ વિદ્યા હીન¹ દીપતું રે.
એની એવાનું મુખ હાટ હો બેન;
બેન ભણો રે વિદ્યા ભાવથી રે.
ચંચળ થાશો ચીતમાં ચોંપથી રે.
જો આવો ભણવા નિશાળ હો બેન;

* કદી કદાપી. †ચાકડીઓ. ૧વગર સીવાયે.

બેન બહેનોને વિદ્યા ભાવથી રે.
શ્રીમાળી બ્રાહ્મણ જાતે ખરી રે,
બાઇ ભવાની આ કાળ હોમેન,
બેન બહેનોને વિદ્યા ભાવથી રે. ૫

ઇંદ્ર વિજય છંદ.

ભણતા ગણતા નિતી જાગવતા, લવતા નહી લેશ નિશાળ જતાં,
ભજતાં નહી રોજ પ્રભુ ભજતા, તજતા કુનિતી રીતો આદરતા;
કરતાં હરરોજ નહી દુઃખથી, સુખથી સુભ બોધજ સાંભળતાં,
ભળતા ગુણીજનની સોબતમાં, સુભ શિખ ભવાની તણી ધરતા. ૧

સ્ત્રિઓને ભણાવવા તથા જાહેર છુટ આપવા વિષે સુધારાવાળાને અરજ.

ગરબી. ૧૫

અલબેલી આરાસુરી વિનવું;

કરજોડી માગું વરદાન; વિદ્યા ભણો બામની.
ઠામ ઠામ વિદ્યાશાળા થાપજો,
ટળે તીમીર રૂપી અજ્ઞાન. વિદ્યા. ૧
હીન્દુ દેશ સુધારો જો આદરો,
ધરી હીમત રૂપી હથીઆર, વિદ્યા.
સુણો સરવે સુધારાના સાથીઓ,
કરો અબળા ઉપર ઊપકાર. વિદ્યા. ૨
વિદ્યા રૂડી ભણાવોની નારને,
થાયે નારી મંડળ ગુણવાન. વિદ્યા.
જાગો જાગો સુધારાની મંડળી,
જેથી પામો હિન્દુભાઈ માન. વિદ્યા. ૩
મુળ ઘરનો સુધારો માનુંની,
તેની નિચે બધો કારભાર. વિદ્યા.
આપો છુટ હીન્દુભાઈ નારને,
કરો જુલમ ન તેને લગાર. વિદ્યા. ૪
આવી બેસે સભામાંહી કામની,

અન્યો અન્યો ભાષણ કરે સાર. વિદ્યા. ૪
હીન્દુ શાસ્ત્ર મધિ એવું ભાખીયું,
નહીં મળે ¹મનુષ્ય અવતાર. વિદ્યા.
જુઓ સતી સીતા રાણી રૂકમણી,
મીરાં બાઈ મહા ગુણવાન; વિદ્યા. ૫
કુળ દીપક એવી સતી ઘણી,
ભાવે ભવાની પામશે માન. વિદ્યા. ૬

બાળકીઓને ભણાવવાની સહુકોને ભલામણ.

ગરબી ૧૬

રાજ અદલ રૂડી રાણીનું, તપો જગત મોઝાર;
દીવસ ગયા હવે દુઃખના, સુખી સઘળો સંસાર. રાજ. ૧
મહમુદ મારણ ક્યાં હવે, ક્યાંછે તૈમુર રાય;

---

૧ હીન્દુ શાસ્ત્રમાં એમ લખેછે કે ફરી ફરીને માણસનો અવતાર આવતો નથી.

કાઢી પીંઢારા ઉડી ગયા, હવે તેથી શું થાય. રાજ. ૨
ગુમાખાંના જેવો જુલમી, [*]અલાઉદ્દીન આપ;
×કાકો મારી રાજ ભોગવ્યું, અંતે નડીયું પાપ. રાજ. ૩
મરેઠા કોળી ને ભીલનો, હવે ભય નથી આજ;
વનમાં લુંટે ન લુટારવા, એવું આરામ રાજ. રાજ. ૪
જોર જુલમનથી રાજમાં, નથી વેઠ કરાળ;
એક આરે પાણી પીયે, સીંહ રાય શિયાળ. રાજ. ૫
ગરીબ તવંગર ચોરનો, આલે સરખો ઇનસાફ,
લાંચ લીયે નહી લાંચીઆ, ગુનો થાય ન માફ. રાજ. ૬
પહેરો ઓઢો વિચ વાપરો, કરો રાગને ગાન;
બાળને ભણતર શિખવો. ચાવો સુખ માંહી પાન. રાજ. ૭
જગત પતીપાસે કરગરો, હરખે નરનાર;
ભવાની શંકર ભાખતો, બોલો જય જય કાર. રાજ. ૮

---

[*]અલાઉદ્દીન ખુની ×જલાલુદ્દીન

દોહરો.

જુઓં ભક્તિ[૯] ભુજ[૨] ચંદ[૧]ને, ઉત્તમ અશાડ માશ.
પૂરણ થયો સુદ પાંચમે, શ્રિ સુબોધ આભાશ.

સમાપ્ત.